# સિવિલ સંકુલમાં આકાર લેતી કોવીડ હોસ્પિટલ

ગાંધીનગર, તા.૮ સમગ્ર વિશ્વમાં કોરોનાએ કહેર મચાવ્યો છે. ભારત અને ગુજરાતમાં પણ કોરોનાના કેસ સામે આવી રહ્યા છે. ગુજરાતમાં વિવિધ જિલ્લામાં ૧૭૫ થી વધુ કોરોનાના દર્દીઓ સારવાર હેઠળ છે. ત્યારે કોરોનાને કાબુમાં કરવા માટે આરોગ્ય તંત્ર સતત દોડધામ



કરી રહ્યું છે. રાજયમાં દરેક નાગરીકની ખાસ તકેદારી લેવાઈ રહી છે. ત્યારે રાજયના પાટનગરમાં પણ કોરોનાના ૧૩ કેસ સામે આવ્યા છે. પાટનગરની સિવિલ હોસ્પિટલમાં નવી બિલ્ડીંગ ખાતે કોરોના વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં દર્દીઓની સારવાર કરવામાં આવી હતી, બે દર્દીઓ સ્વસ્થ થઈ જતા તેઓને રજા આપી દેવામાં આવી છે. ત્યારે સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આગામી સમયમાં કોરોનાને ધ્યાને રાખીને પાટનગર ના સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની નવી બિલ્ડીંગ ખાતે ટુંક સમયમાં ૧૦૦ કે ૩૦૦ બેડની કોવીડ હોસ્પિટલ ઉભી કરવામાં આવે તેવી વિચારણા ચાલી રહી છે. જો તંત્ર દ્વારા ૧૦૦ બેડની હોસ્પિટલ તૈયાર કરવામાં આવે તો ૧૦ વેન્ટીલેટર તેમજ ૩૦૦ બેડમાં ૩૦ વેન્ટીલેટર સાથેનો સેન્ટ્રલી એસી વોર્ડ તૈયાર કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલના આઠમાં માળે વેન્ટીલેટરના વોર્ડ માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જયારે આઈસીયુ વોર્ડ પણ શીફટ કરવામાં આવે તેવી શકયતાઓ પ્રબળ બની છે. હિમોડાયાલીસીસ વોર્ડ પણ ત્રીજા માળે હોવાથી તેને માટે પણ હજુ ચર્ચા વિચારણા ચાલી રહી છે. ગાંધીનગર સિવિલ કેમ્પસમાં કેટલા બેડની હોસ્પિટલ ઉભી કરવામાં આવશે તેને લઈ અધિકારીઓમાં પણ આ મુદે અસંમજસ અનુભવી રહ્યા છે. ત્યારે નવી બિલ્ડીંગમાં આવેલા સર્જરી, ઓર્થો અને મેડીસીન વોર્ડ પણ જુની બિલ્ડીંગમાં શીફટ કરવામાં આવશે.

**કોરોના ભુલકાઓના વેકેશનને પણ ભરખી ગયો...**

# વેકેશનમાં ફરવા જવાનુ તો દુર પણ ઘરની બહાર નિકળવાનુ પણ શકય નથી

### ઉનાળુ વેકેશનને અનુલક્ષી ટુર બુકીંગ પણ માથે પડયુ લોકડાઉનની સ્થિતિમાં ઘરમાં રહેતા વિદ્યાર્થીઓની વ્યથા

ગાંધીનગર તા ૮ કોરના વાયરસની મહામારી વચ્ચે છેલ્લા ૧૫ દિવસથી લોકડાઉનની સ્થિતિ યથાવત છે. જયારે કોરોનાના કહેર વચ્ચે નાગરિકો હાલ ઘરમાં પુરાયેલા છે. ગત માર્ચ મહીનામાં એકબાજુ બોર્ડની પરીક્ષા હજુ પુર્ણ જ થઈ હતી આવા સંજોગોમાં સી બી એસ સી બોર્ડના વિદ્યાર્થીઓને પણ વેકેશન આપી દેવાયુ હતુ. પરંતુ આ વર્ષે વિદ્યાર્થીઓને વેકેશનનો ભોગ આપવાની ફરજ પડી છે. અલબત્ત વેકેશન દરમિયાન ફરવા જવાના કાર્યક્રમો પણ રદ કરવાની નોબત આવી છે. સમગ્ર દેશમાં કોરોનાએ કાળોકેર વર્તાવતા નાગરિકો બહારગામ જવાની વાત તો દુર પરંતુ ઘરથી બે ડગલા દુર પણ જઈ શકે તેમ નથી. લોકડાઉનના કડક અમલ વચ્ચે શહેરમાં સ્થિત પાર્કસ સહીત સેકટરના બગીચાઓમાં પણ જવાની મનાઈ છે. જયારે આવા સંજોગોમાં ટુર બુકીંગ કરાવીને વેકેશનમાં ફરવા જવા માટેની આશ લઈને બેઠેલા પરિવારના બાળકો પણ હાલ વીલા મોં એ ઘરમાં બેઠા છે. કોરોના ભુલકાઓના વેકેશનને પણ ભરખી ગયો છે. પ્રતિ ઉનાળુ વેકેશન પરીક્ષાઓના અંતે વિદ્યાર્થીઓ પોતાના પરિવારજનો સાથે ટુરની મજા માંણતા હોય છે. પરંતુ આ વર્ષે હાલ મહામારીના સંજોગોમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે નાગરિકો ઘરમાં પુરાયેલા છે. જેના લીધે શહેરના ઘણાં ખરા પરિવારજનોએ ટુર માટે કરાવેલુ એડવાન્સ બુકીંગ પણ માથે પડયુ છે. વિદ્યાર્થીઓ વેકેશનની મજા ઘરમાં રહીને જ

● અનુસંધાન પાન-૭ પર

# રાજયમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનું સઘન મોનીટરીંગ કરાશે : જયંતિ રવિ

ગાંધીનગર, તા. ૮ ગુજરાતમાં અત્યાર સુધીમાં નોંધાયેલા કોરોના પોઝીટીવના દર્દીઓ પૈકી ૧૨૧ કેસો લોકલ ટ્રાન્સમિશનથી થયા હોવાની વાતને રાજ્ય સરકારે ગંભીરતાથી લીધી છે.

રાજ્ય સરકાર દ્વારા સઘન સર્વેલન્સ પણ આ સંદર્ભે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ જણાવ્યુ હતુ કે પ્રથમ રાઉન્ડ દરમ્યાન આ સિઝનમાં રાજ્યમાં દરેક સર્વેલન્સમાં મળતા શરદી-ખાંસીના દર્દીઓની જે સરેરાશ હતી તે જ જળવાયેલી જોવા મળી છે.

સરકારની સૂચના પછી સઘન સર્વેલન્સના આ બીજા તબક્કામાં ઘનિષ્ટ મોનીટરીંગ કમિશ્નરશ્રી આરોગ્યની કચેરી દ્વારા કરવામાં આવશે. આ સર્વેલન્સમાં પોઝીટીવ મળતા દર્દીઓના આજુબાજુના કન્ટેનમેન્ટ ઝોન અને બફર



ઝોનમાં સર્વેલન્સની કામગીરી ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ કરવામાં આવશે તેમ પણ તેમણે કહ્યુ હતુ.

સુશ્રી રવિએ જણાવ્યુ હતુ કે અત્યાર સુધીમાં ૪૨૨૪ દર્દીઓના નમૂનાઓની ચકાસણી સંપન્ન થઈ છે. જેમાં ૧૮૬ દર્દીના નમૂના પોઝીટીવ જણાયા છે જ્યારે ૩૯૦૫ દર્દીઓના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. ૧૩૩ દર્દીઓનો રિપોર્ટ આવવાના બાકી છે.



લૉકડાઉનમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા બજારોમાં થોડી ઘણી ભીડ જોવા મળે છે. સેકટર-૨૧ના શાકમાર્કેટમાં ખરીદી માટે ગૃહિણીઓની અવરજવર ચાલુ રહે છે. ફળો અને શાકભાજીની ખરીદી માટે લોકો સાવચેતી રાખતા નજરે ચઢી રહ્યા છે.

# મનપાએ બે દિવસમાં ૫૮૦ કિલો બાયો મેડિકલ વેસ્ટ કલેક્ટ કર્યો

### શહેરમાં હજુ ૧૧૪ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે : ૪૬૭ લોકો ૧૫ માર્ચ પછી ગાંધીનગરમાં આવ્યા છે

ગાંધીનગર, તા. ૮ ગાંધીનગર શહેરમાંથી બે દિવસમાં ૫૮૦ કિલો જેટલો બાયો મેડિકલ વેસ્ટનું કલેક્શન કરવામાં આવ્યુ છે.

બાયો મેડિકલ વેસ્ટના કલેક્શન માટે ગઈકાલથી મનપા દ્વારા અલગથી વાહન ફાળવણી કરવામાં આવી છે જે નોંધનીય છે.

મનપા દ્વારા જારી કરાયેલ અખબારી યાદીમાં જણાવાયા મુજબ બાયો મેડીકલ વેસ્ટ એક્ટ-૨૦૧૬ મુજબ પીળા રંગની બેગમાં ૫૦૨.૧૫ કિ.ગ્રા. લાલ કલરની બેગમાં ૬૪.૧૦ કિ.ગ્રા. તથા વાદળી બેગમાં ૧૫.૨ કિલો ગ્રામ વેસ્ટનું કલેક્શન કરી તેનો નિકાલ કરવામાં આવ્યો છે.


મનપાની આ યાદીમાં જણાવાયા મુજબ કોવિડ-૧૯ની મહામારીમાં સતત ખડેપગે પોતાની જવાબદારી નિભાવતા મનપાના કર્મયોગીઓ-અધિકારીઓના આરોગ્યની ચકાસણી પણ મનપા દ્વારા શરૂ કરવામાં આવી છે. તેમને યોગ્ય માર્ગદર્શન, દવાઓ તેમજ જરૂરી સારવાર પણ આપવામાં આવી રહેલ છે.

મનપાની યાદીમાં જણાવ્યા પ્રમાણે ૧૨,૮૫૪ ઘરોમાં રહેતા ૪૪૯૧૫ લોકો જે કન્ટેનમેન્ટ ઝોન અને બફર ઝોનમાં છે તેમનો હેલ્થ સર્વે સંપન્ન થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલના મોટાભાઈ અરવિંદભાઈનું અમેરિકામાં કોરોનાથી મૃત્યુ

માણસાના ધારાસભ્ય અને કોંગ્રેસના અગ્રણી સુરેશભાઈ પટેલના મોટાભાઈ અરવિંદભાઈ પટેલનું અમેરિકા ખાતે કોરોના વાઈરસને કારણે દુઃખદ અવસાન થયેલ છે.



તેમના અવસાનના સમાચાર આવતાં જ કલોલ અને માણસા તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં શોકનું વાતાવરણ પ્રસરી જવા પામેલ છે.

અરવિંદભાઈ પટેલ સ્વભાવે મિલનસાર અને સાદગીપ્રિય હતા. માર્ચ મહિનામાં જ તેઓ ગુજરાતથી હવાઈ માર્ગે અમેરિકા ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરેશભાઈ પટેલના સૌથી વધુ પરિવારજનો અમેરિકામાં ધંધા-વ્યવસાય સાથે સંકળાયેલા છે. અને દર બે-ચાર મહિને કોઈનું કોઈ અમેરિકાથી આવતું-જતું હોય છે. શ્રી અરવિંદભાઈ પણ માર્ચમાં વતન પલિયડ ખાતે પરિવારજનોની ખબરઅંતર પુછવા આવ્યા હતા.



ગાંધીનગર શહેરની જાણીતી સેવાભાવી સંસ્થા મિનાક્ષી મેમોરિયલ પરિવાર તરફથી શહેરમાં અન્ન સેવા કરતી સંસ્થાઓને કરિયાણુ તથા શાકભાજીનો જથ્થો પુરો પાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે મિનાક્ષી પરિવારના નિશીત વ્યાસ, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, રાકેશ જાની, ઉર્પલ જોશી, વૈભવ જાની, યુવરાજસિંહ રાણા વગેરે હાજર રહ્યા હતા.

# વાવોલનો યુવાન સાયબર ક્રાઈમનો ભોગ બન્યો

### પેટીએમનું કેવાયસી કરવાના ચક્કરમાં બેંક ખાતામાંથી ૨૪ હજારની ઉચાપત થતાં ''દુકાળમાં અધિક માસ'' જેવો ઘાટ થયો

ગાંધીનગર, તા. ૮ એક તરફ શહેરમાં કોરોનાનો કોહરામ મચ્યો છે બીજી તરફ લોકડાઉનમાં ઘરમાં પુરાઈ રહેલા નાગરિકો પોતાના કામકાજ માટે ઓનલાઈન બેંકિંગનો ઉપયોગ કરે છે ત્યારે સાયબર ક્રાઈમનો ભોગ બને છે તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. શહેરમાં ઓનલાઈન ફ્રોડના કિસ્સા વધતા જઈ રહ્યાં છે અને બેંક ખાતામાંથી નાણાંની ઉચાપતનો ભોગ ગ્રાહકો બની રહ્યાં છે. આજે વાવોલમાં રહેતો એક યુવાન પણ સાયબર ક્રાઈમનો ભોગ બન્યો હતો અને રૂ. ૨૪ હજાર ગુમાવ્યા હતા. આ સ્થિતિમાં નાણાં ગુમાવતા યુવાનની મુશ્કેલીમાં વધારો થયો છે.

વોવાલની કેશવપાર્ક સોસાયટીમાં ભાડે રહેતા અને ઓઢવ ખાતેની એલ્યુમિનિયમ ફેક્ટરીમાં કાર્યરત સાબરકાંઠાના આ યુવાનનું પેટીએમ એકાઉન્ટ બે એક દિવસથી કેવાયસીના કારણે બંધ થઈ ગયુ હતુ. અત્યારે લોકડાઉનની સ્થિતિમાં રોકડા નાણાં કરતા પેટીએમનો ઉપયોગ કરવો સારો તેવું માનીને તેની કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવા યુવાને

● અનુસંધાન પાન-૭ પર

## લોકડાઉનમાં ઓનલાઈન બેંકીંગ ફ્રોડના કિસ્સા વધ્યા

લોકડાઉન દરમ્યાન નાગરિકો ઘરે રહેતા હોવાથી સ્વાભાવિક રીતે જ ઓનલાઈન ટ્રાન્ઝેકશનનું ચલણ વધ્યું છે. જોકે પોતાની નાણાંકીય લેવડ-દેવડ ઓનલાઈન કરતા ગ્રાહકો અત્યારે સાયબર ક્રાઈમનો ભોગ વધુ બની રહ્યાં છે અને ગ્રાહકોની મજબુરીનો લાભ અત્યારે ઓનલાઈન બેંકીંગ ફ્રોડ કરતા લેભાગુઓ ઉઠાવી રહ્યાં છે. અનેક નાગરિકો નાના-મોટા કિસ્સામાં પોલીસ ફરિયાદ કરવાનું ટાળી રહ્યાં છે તે પણ એક ગંભીર બેદરકારી છે.

# હવે રાજ્યભરના ૬૦ લાખથી વધુ મધ્યમ વર્ગના પરિવારને ફ્રી રાશન

### ૨.૫૦થી ૩ કરોડ લોકોને એપ્રિલમાં કુટુંબદીઠ ૧૦ કિલો ઘઉં મળશે : ત્રણ કિલો ચોખા, એક કિલો દાળ તેમજ એક કિલો ખાંડ વિના મુલ્યે આપવાનો મંત્રીમંડળની મિટિંગમાં લેવાયેલો નિર્ણય : દેશના રાજ્યોમાં ગુજરાતની પહેલ

ગાંધીનગર, તા. ૮ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી



નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની વિડીયો કોન્ફરન્સીંગ કેબિનેટ બેઠકે રાજયના ૬૦ લાખથી વધુ એપીએલ-૧ રેશનકાર્ડ ધારકો પરિવારો એટલે કે ૨.૫૦ થી ૩ કરોડ જેટલા મધ્યમ વર્ગીય લોકોના વિશાળ હિતમાં એક ક્રાંતિકારી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે કેબિનેટ અંગેના આ નિર્ણયની ભૂમિકા આપતાં જણાવ્યું કે, પ્રવર્તમાન કોરોના વાયરસ કોવિડ-૧૯ ની લોકડાઉનની સ્થિતીમાં રાજ્યમાં સૌને પૂરતું અનાજ મળી રહે તેવા ઉદાત્ત ભાવ સાથે દેશભરના રાજ્યોમાં પહેલ કરીને ગુજરાતે અનેક નિર્ણયો કર્યા છે. તેમણે આ અંગે કહ્યું કે, રાજ્ય મંત્રીમંડળે આજે નિર્ણય કર્યો છે કે રાજ્યના મધ્યમ વર્ગીય પરિવારો એપીએલ-૧ ના કાર્ડધારકો જેઓને રાષ્ટ્રિય અન્ન સુરક્ષા ધારા એનએફએસએ અંતર્ગત અનાજ મળતું ન હતું તેવા તમામ ૬૦ લાખથી વધુ એપીએલ-૧ કાર્ડધારકોને મધ્યમ વર્ગના લોકોને એપ્રિલ માસમાં કુટુંબ દિઠ ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ચોખા, ૧ કિલો દાળ અને ૧ કિલો ખાંડ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી વિનામૂલ્યે આપવામાં આવશે. આ નિર્ણયને પરિણામે રાજયના ૬૦ લાખથી વધુ મધ્યમવર્ગીય પરિવારોના ૨.૫૦ થી ૩ કરોડ લોકોને મોટી રાહત થશે અને વર્તમાન લોકડાઉનની સ્થિતીમાં સરળતાથી અનાજ વિનામૂલ્યે મળશે.મુખ્યમંત્રીશ્રીના સચિવે જણાવ્યું કે, રાજયમાં પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીને કારણે કામકાજ વ્યવસાયો બંધ થઈ જવાથી ગરીબ, કામદાર વર્ગો, શ્રમજીવીઓ અને મધ્યમવર્ગના પરિવારોને અનાજ મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે તેમજ આ પરિસ્થિતીમાં પણ પૂરતું અનાજ મળી રહે તેવી સંવેદનાથી રાજ્યમાં એનએફએસએ અંતર્ગત આવરી લેવાયેલા અંત્યોદય અને એચએચ એવા ૬૬ લાખ પરિવારોને એપ્રિલ માસનું અનાજ વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું છે. ગુજરાતે એપ્રિલ માસના પ્રથમ ચાર દિવસમાં જ આવું અનાજ કોઈ પણ જાતની અવ્યવસ્થાઓ સર્જાયા વગર સસ્તા અનાજની દુકાનો પરથી વિતરણ કરવાની સફળતા મેળવી છે. મુખ્યમંત્રીશ્રીએ ત્યાર બાદ ૩.૪૦ લાખથી વધુ એવા ગરીબ પરિવારો-કાર્ડધારકો જેઓને અત્યાર સુધી દર મહિને માત્ર ખાંડ અને મીઠું જ મળતા હતા તેવા પરિવારોને પણ ઘઉં, ચોખા અને દાળ વિનામૂલ્યે આપવાનો નિર્ણય કર્યો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com